શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન


# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE


ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૫૧ • તા.૧ એપ્રિલ થી ૭ એપ્રિલ ૨૦૨૩

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




# ચૈત્ર માસમાં દેશ દેશાવરમાં આયંબિલની ઓળીઓ, માતાજીની ભાવના અને ઈષ્ટદેવોના પાઠ તેમજ ભક્તિ આરાધનાઓ


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... 

### સંપાદક સ્થાનેથી

# પરિસ્થિતિની પરખ કરવી જરૂરી છે

ઊંચે ચડવું અઘરૂં છે તેથી અઘરૂં ઊંચે ચડીને ઊંચાઈ જાળવી રાખવું છે. માનવી સતત પોતાની પ્રગતિ જાળવી શકતો નથી. તે ઊંચાઈ પર ચડીને પોતાની મનોસ્થિતિ ડામાડોળ રાખે છે, અન્ય બાબતોમાં પોતાની વિચાર શક્તિ રાખી એકાગ્રતા ખોઈ દે છે. જેને લીધે તે જલદી પોતાનું પતન કરે છે. લક્ષથી નીચે આવી જાય છે. ઘણું જલદી આ પરિસ્થિતિ માનવી પોતે લઈ લે છે. આ પડતી ક્ષુલ્લક કારણોસર હોય છે. જે ચિંતા કરાવે એવી હોય છે. કારણ કે આ એક ધ્યાન, એક લક્ષ્યથી જલદી તેનું ધ્યાન હટી જાય છે અને તેનું પરિણામ સફળતાથી નિષ્ફળતામાં પહોંચી જાય છે. ઊંચે ચડનાર વિપરીત વિચારોમાં, સામાન્ય સંજોગોને અસામાન્ય બનાવી પોતાનું ધૈર્ય, મનસ્થિતિ ડગમગાવી પોતાની સફળતા, શિખર આરોહણને ટકાવી રાખવા ને બદલ પતન ભણી લઈ જાય છે.

સફળતાને, સિદ્ધિને જાળવી રાખવી એક પરીક્ષા છે. સારા સંજોગોને જાળવી રખાય એ ચેલેન્જ બની જાય છે. પરિસ્થિતિ જ્યારે સ્વના કાબુમાં નથી રહેતી ત્યારે મંઝિલ તરફ જતાં પગ પણ ડગમગી જાય છે. અસામાન્ય સંજોગોમાં સારી બાબતો ઝટ ઓગળી જાય છે. માનવીની સારપ, સદ્‌વર્તન, સંસ્કાર અને સદ્‌વર્તાવની કસોટી વિપરીત પરિસ્થિતિમાં ધોવાઈ જાય છે. મનની એકાગ્રતા તૂટી જાય છે અને લક્ષ્ય ધ્યાન હટી જાય છે. અસામાન્ય સંજોગોમાં પોતાની સ્થિરતા જાળવી રાખે એ વિરલ વ્યક્તિ છે. ગમે તે સ્થિતિમાં સ્થિર અને સામાન્ય સ્થિતિમાં અસ્થિર વ્યક્તિમાં ફરક છે. મામુલી જેવી સ્થિતિમાં સ્થિર ન રહી શકનાર સતત ડામાડોળ અવસ્થામાં રહે છે અને સંપૂર્ણ રીતે પોતાના આસપાસના વાતાવરણને હાલકડોલક રાખે છે. હકીકતમાં પડકારો અને જોખમો સતત આવતાં રહે છે. હકીકત એ હોય છે કે આવી વ્યક્તિઓ નગણ્ય બાબતોથી પણ હચમચી જાય છે. ક્ષુલ્લક બાબતોથી વિક્ષિપ્ત થઈ જાય છે, બેબાકળા બની જાય છે અને નાની બાબતોને મહતમ આફત તરીકે જૂએ છે અને હિંમત કરી ઝઝૂમવાનું માંડી વાળે છે.

મજબૂત મનોબળના વ્યક્તિઓ કોઈપણ પરિસ્થિતિમાં પોતાની ધીરજ, હામ અને સમતોલપણું ગુમાવતા નથી. તેઓ પોતાની આજુબાજુ સશક્ત સુરક્ષિત દીવાલ ચણી રાખે છે અને સુરક્ષિત કિલ્લાના કાંગરા ન ખરે એની કાળજી પહેલાથી કરી રાખે છે. સંજોગો કોઈ પણ આવે તેઓ તેનો સામનો કરવા સતત સજ્જ રહે છે. જ્યારે ઝંઝાવાત આવે છે ત્યારે નાના, નબળા પક્ષીઓ હાંફળા ફાંફળા થઈ ઊઠે છે પણ ગરૂડ જરાય ચિંતિત થતું નથી. તે હવાથી પણ ઊંચે ચડી ઝંઝાવાતને વળોટી તેની ઉપરનો સ્તર શાંત હોય ત્યાં પહોંચી પોતાની પાંખો ફેલાવતું ઊડે છે, ઝંઝાવાત જ્યારે પશુ-પક્ષીઓ, માનવજીવો, માલમતાની ખાના ખરાબી કરી શાંતને સ્થિર થાય ત્યારે ગરૂડ નીચે ઉતરી આવે છે અને પોતાની સપાટી પર સ્થિર શાંત ઉડયન કરી ઊંચાઈ જાળવી રાખે છે. આ બાબત સ્થિર સ્થિતિ અને અસ્થિર સ્થિતિમાં પોતાનો વર્તાવ બદલનાર પોતાનો નિયંત્રણ જાળવી ન રાખનાર એ ધ્યાનમાં લેવી જોઈએ અને એમાં બદલાવ કરવો જોઈએ.

*- જય જ્ઞાતિમૈયા*

# સાચું અને આભાસી સુખ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

માણસનું ચરિત્રને ઓળખવું સરળ નથી. ડગલેને પગલે માણસ અનેક મહોરાં લગાવીને જીવે છે. માણસ જેવો છે તેવો દેખાતો નથી. તેથી તેની અંદરના વ્યક્તિત્વને ઓળખી શકતાં નથી. સામે વાળાથી વાંકુ પડે ત્યારે આપણે હાથ છાંટીને કહી દઈએ છીએ કે 'તમને આવા ધાર્યા ન હતાં.' વર્ષો જૂનો સંબંધ હોય, સાથ હોય તે છતાં કોઈને પણ સ્પષ્ટરૂપે ઓળખી શકતા નથી. એનો તાળો મેળવી શકતા નથી. સીધો સાદો માણસ પણ અંતરમાં કેટલો ઊંડો હોય છે, ગહન હોય છે. જેની આપણે કલ્પના કરી શકતા નથી. એટલે આ જગતમાં અસત્ય સત્યના વાધા પહેરીને આસાનીથી ઘૂમી રહ્યું છે અને કસોટી છે.

જગતમાં લોકો એક બીજાને સુધારવા મથી રહ્યાં છે. પણ એટલું જાણતા નથી કે પોતાની જાતને સુધાર્યા વગર જગતને સુધારવાનું મુશ્કેલ છે. જો આપણા વિચાર, વર્તન અને વાણીમાં પરિવર્તન આવી જાય તો પછી જગતમાં પરિવર્તન થયેલું લાગશે. આજે કોઈપણ સમસ્યા આવે. ત્યારે ઓળખાતા કે અન ઓળખીતા લોકો સલાહ આપવા તત્પર હોય છે, પણ મદદ નહીં કરે. સલાહ સૌને આપવી ગમે છે લેવી નહીં. કેટલાય સ્વજનો વળી એવા પણ હોય છે કે આપણે એમની સલાહ ગણકારીએ નહીં તો ઉપાલંભ આપે કે જો 'મારી સલાહ ગણકારી હોત તો આવી વલે ન થાત.' આવા જગતના કાજી બની બેઠેલા લોકો એવા ભ્રમમાં રાચે છે કે પોતે કંઈક જાણે છે, કંઈક વધુ સમજે છે. બીજા કરતાં વધુ અનુભવી છે. આવા લોકો પોતાનો કક્કો સાચો ઠેરવવા સતત પ્રયત્નશીલ હોય છે. એ માટેના પેંતરા પણ કરતા રહેતા હોય છે. પોતાની સલાહ ન માનનાર પ્રત્યે નારાજ થઈ જાય છે. તેમનો દુરાગ્રહ હોય છે હું કહું એ જ સાચું બાકી બીજું બધું ખોટું.

સંબંધો અને વ્યવહારમાં આવી નાની અણગમતી વાતો ભૂલી ભૂલાતી નથી અને પૂર્વગ્રહોના ઝાળાઓ ગૂંથાતા રહે છે અને ગાંઠ બનીને રહી જાય છે. દરેક માણસ પોતાની રીતે બીજી વ્યક્તિઓનું મૂલ્યાંકન કરે છે. કોઈ પ્રત્યે પૂર્વગ્રહ બંધાય છે ત્યારે સામેવાળાની વાત સ્વીકારવા માટે મન તૈયાર હોતું નથી. હું કહુંએ સાચું બાકી બધું ખોટું એ માન્યતા મનમાં ઊંડે ઊંડે ઘર કરી ગઈ હોય છે. વ્યક્તિ પોતાના ખ્યાલો અને વિચારો મુજબ જીવે છે. પોતાની ઊણપ અને નબળાઈ કોઈને ન દેખાય એ રીતે જીવે છે. પોતાની એબ ને છૂપાવવાના પ્રયાસ સતત કરતો રહે છે. એટલે સતત તે વ્યગ્ર, દુઃખી અને પરેશાન રહેતો હોય છે. તે સતત દુઃખી રહે છે કારણ કે તે પોતાની રીતે જીવતો નથી પોતાનું માન, પદ, સતા, મોટાઈ હોવાનો ગર્વ સતત તેને સજાગ રાખે છે. જે તેને સુખચેનથી જીવવા દેતું નથી. ઉચક પણે તે સતત જીવે છે. સહેજ ટાંકણી ભોંકાય તો જાણે ઊંડા ઘા પડી ગયા છે એવું તેને લાગે છે. જે કંઈ લાયકાત પ્રમાણે મળ્યું છે તે ટકી રહે છે પણ જે ખોટા દેખાવ દ્વારા જે મળતું લાગે છે તેને ટકાવવા સતત મથતો રહે છે. આ પરપોટા જેવું સુખ, માન મોભોને મરતબો સતત ટકી રહે એ કાજે હવાતિયા મારતો રહે છે પણ આભાસી સુખ કે સંતોષ તેને સતત પજવતું રહે છે. પોતાનું મૂળ સુખને જાળવવા કરતાં તે આભાસી સુખને પંપાળવામાં જ સતત મથતો રહે છે. જે આખરે તેની જંજાળ બની જંજીરની જેમ તેને જકડી લે છે.


### જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# અમદાવાદમાં ભક્તિ ભાવપૂર્વક સંપન્ન થયું સમૂહ પાઠ અને માતાજીની ભાવના



શ્રી કેડીઓ મહાજન, અમદાવાદ દ્વારા સમૂહ પાઠ તેમજ શ્રી મહાકાળી માતાજીની ભાવના વર્ષોની પરંપરા મુજબ શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ દ્વારા ચૈત્રી બીજ નિમિતે અમદાવાદ ખાતે શ્રી મહાકાળી માઁ ની ભાવના તેમજ શ્રી ભલારાદાદા તેમજ શ્રી ધણીબાવાના સમૂહ પાઠ તેમજ કેડીઓ ભવન માટે દાન વચન આભાર પત્ર અર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના મુખ્ય લાભાર્થી પરિવાર માતુશ્રી તારાબેન રાયચંદ દંડ પરિવાર હ.કવિતા રાયચંદ દંડ શ્રી ધણી બાવા પાઠના લાભાર્થી પરિવાર માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા પરિવાર શ્રી મહાકાળી માઁ ની ભાવનાના લાભાર્થી પરિવાર માતુશ્રી ઉષાબેન નારણજી મૈશેરી તેમજ લતાબેન કિશોરભાઈ લાલકા,નલિનીબેન કિશોરભાઈ લાલકા પરિવાર.



**માતાજીની ભાવનાના લાભાર્થી**



**પ્રોગ્રામના મુખ્ય લાભાર્થી પરિવાર, માતુશ્રી તારાબેન રાયચંદ દંડ**



**શ્રી ધણીબાવાના પાઠના લાભાર્થી પરિવાર, માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા પરિવાર**

# અમદાવાદમાં ભક્તિ ભાવપૂર્વક સંપન્ન થયું સમૂહ પાઠ અને માતાજીની ભાવના




**કેડીઓ ભવન નિર્માણ માટે પ્રોત્સાહન આપનાર પરિવાર માતુશ્રી તારાબેન રાયચંદ દંડ**

શ્રી કેડીઓ મહાજન, અમદાવાદ નું સ્વપ્ન શ્રી કેડીઓ ભવન જેના માટે સમાજના સભ્યો દ્વારા અપાયેલ દાન વચનની અનુમોદના કરવામાં આવેલ. જેમાં દાન વચન આપેલ પરિવારનું આભાર પત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું. માતાજીની ભાવનામાં નવયુગ યુથ ફોરમના યુવાનો દ્વારા પાવાગઢની ઝાંખી તૈયાર કરવામાં આવી જેનો સમાજના સભ્યોએ દર્શનનો લાભ લીધેલ.

કેડીઓ ભવન માટે દાન વચન આભાર પત્ર અર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



**કેડીઓ ભવન નિર્માણ માટે પ્રોત્સાહન આપનાર પરિવાર માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા**

# અમદાવાદમાં ભક્તિ ભાવપૂર્વક સંપન્ન થયું સમૂહ પાઠ અને માતાજીની ભાવના



કેડીઓ ભવન નિર્માણ માટે પ્રોત્સાહન આપનાર પરિવાર માતુશ્રી લીલાવંતીબેન ઉમરશી ભારાણી



કેડીઓ ભવન નિર્માણ માટે પ્રોત્સાહન આપનાર પરિવાર શ્રીમતી માલાબેન પ્રફુલભાઈ ધરમશી

**કેડીઓ ભવનનું નિર્માણ માટે દાન વચન આપનાર અમદાવાદના મુખ્ય દાતા પરિવારો**

**માતુશ્રી તારાબેન રાયચંદ દંડ હસ્તે કવિતા રાયચંદ દંડ પરિવાર**

**માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા પરિવાર**

**માતુશ્રી લીલાવંતીબેન ઉમરશી ભારાણી પરિવાર**

**શ્રીમતી માલાબેન પ્રફુલભાઈ ધરમશી પરિવાર**

**માતુશ્રી રાજુલાબેન નલિનભાઈ મોમાયા પરિવાર**

**શ્રીમતી શશીકલાબેન જીતેન્દ્રભાઈ ખોના પરિવાર**

**શ્રી ગુલાબભાઈ ધનજી દંડ પરિવાર**





કેડીઓ ભવન નિર્માણ માટે પ્રોત્સાહન આપનાર પરિવાર માતુશ્રી રાજુલાબેન નલિનભાઈ મોમાયા



કેડીઓ ભવન નિર્માણ માટે પ્રોત્સાહન આપનાર પરિવાર શ્રીમતી શશીકલાબેન જીતેન્દ્રભાઈ ખોના



કેડીઓ ભવન નિર્માણ માટે પ્રોત્સાહન આપનાર પરિવાર શ્રી ગુલાબભાઈ ધનજી દંડ

# અમદાવાદમાં ભક્તિ ભાવપૂર્વક સંપન્ન થયું સમૂહ પાઠ અને માતાજીની ભાવના



શ્રી કેડીઓ માહિલાં મંચ, અમદાવાદ



શ્રી કેડીઓ નવયુગ યુથ ફોરમ, મહાકાળી ભાવના મંડળ




૮ ફૂટના પાવાગઢની આકૃતિ શ્રી નવયુગ યુથ ફોરમના યુવા-યુવતીઓ દ્વારા





# મેડિકલ સમિતિની સંજીવની યોજનાના ડાયમંડ પેટ્રોનની ભાવભરી અનુમોદના

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

### મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**



**વિહાન પ્રતીક દંડ**

મંજલ રેલડીયા, મુંબઇ

**સંજીવની ડાયમંડ પેટ્રોન Rs. 1,00,000**

પરોપકારનો અર્થ પરિવાર ઉપરાંતના અન્ય લોકો પ્રત્યે ભલાઈ કરવી. આ ઉદારતા અને પ્રેમભાવ, માણસાઈ, કરૂણા અને દયાભાવ દાખવનાર મહામાનવની કક્ષામાં બિરાજમાન થવાને લાયક બને છે. અન્યોની ભલાઈમાં પોતાનું સુખ જોતા વીરસાઓ શ્રેષ્ઠ માનવીઓની શ્રેમીના ગણાય. આવો માનવીય બતાવનારા દાતા મંજલ રેલડીયા-મુંબઈના વિહાન પ્રતીક દંડ રૂા.૧ લાખની ધનરાશિ શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મેડિકલ સમિતિ સંચાલિત સંજીવની યોજનામાં અર્પણ કરી ડાયમંડ પેટ્રોન તરીકે જોડાયા છે. મેડિકલ સમિતિ દાતાની અભિવંદના સાથે અનુમોદના કરે છે.

॥ સોનથરી તીર્થમંડન શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ॥



# શ્રી સુથરી જૈન સંઘ

સુથરી મહાતીર્થે ચાતુર્માસ ૨૦૭૯

**વહીવટી કાર્યાલય: C/o ધરમશી સિક્યુરીટીઝ પ્રા. લિમિટેડ,**
218, મેરેથોન મોન્ટે પ્લાઝા, મદન મોહન માલવીયા રોડ, મુલુન્ડ (વેસ્ટ),
મુંબઇ - 400 080. સંપર્ક નં. 9833585280 ઇ-મેલઃ vrlodaya@gmail.com

## આરાધકો માટે સુથરી મહાતીર્થે પ્રવેશ અને ચાતુર્માસ પ્રારંભ

**વિ.સં. ૨૦૭૯, અષાઢ સુદ-૯, સોમવાર, તા. ૨૬.૦૬.૨૦૨૩**

**દિવ્ય કૃપાશિષ**

શાસન સમ્રાટ્, રાષ્ટ્રસંત, અચલગચ્છાધિપતિ, પ.પૂ.આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ**

જિનશાસન શિરોમણી, તપચક્ર-ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ,

પ.પૂ.આ.ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ**

**શુભાજ્ઞા દાતા :** સાહિત્ય દિવાકર, રાજસ્થાન દક્ષિણ દીપક, અચલગચ્છાધિપતિ,

**પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.**

શ્રી સુથરી સંઘના માનનિય આરાધક શ્રાવકો/શ્રાવિકાઓ તથા નિયાણી પરિવાર! જય જિનેન્દ્ર! સાથે જણાવવાનું કે, આ વરસે **શ્રી સુથરી જૈન સંઘ**ના પ્રાંગણે એવમ્ **શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાના દરબારે** ભવ્ય ચાતુર્માસ ઉજવવાની તૈયારી થઇ રહી છે. આપ સર્વે સુથરીવાસીઓ ચાતુર્માસ દરમ્યાન આત્મ કલ્યાણ અને કર્મ નિર્જરા અર્થે દેવ-દર્શન-પૂજા-પાઠ-સામાઇક-પ્રતિક્રમણ સહ તપ-જપ કરાવવા **પ.પૂ.સાધ્વી શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.** આદિ ઠાણા-૨ વ્યાખ્યાન વાણી તથા સુથરીરત્ના તપસ્વીની, સ્થવિર **સાધ્વી શ્રી પ.પૂ.મહાયશાશ્રીજી મ.સા.**ની પાવન નિશ્રાનો અમૂલ્ય લાભ લેવા આપ સર્વેને ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

**ચાતુર્માસ દરમ્યાન શ્રી સંઘની વિવિધ યોજનાનો ઉદારદીલે અવશ્ય લાભ લેશોજીઃ**

**ચાતુર્માસ આરાધના માટે સંપૂર્ણ ચાતુર્માસના મુખ્ય દાતા આવકાર્ય જેથી આરાધકોની સર્વ પ્રકારની ભક્તિ કરી પુણ્યનું ભાથું ઉપાર્જન કરી પ્રાપ્ત થયેલ લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી લાભ લેશોજી વધુ માહિતી માટે સંપર્કઃ**
**શ્રી રાજેન્દ્ર મણિલાલ ખોના - 9322257191, 9820302853 શ્રી કીર્તિ પદમશી લોડાયા - 9833152695**
**શ્રી જીજ્ઞેશ છેડા - 9726213827**

**વિશેષ દિવસોઃ**

૧. **ચાતુર્માસ પ્રવેશઃ** વિક્રમ સંવત ૨૦૭૯, અષાઢ સુદ-૯, સોમવાર, તા. ૨૬.૦૬.૨૦૨૩
૨. **પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વઃ** વિક્રમ સંવત ૨૦૭૯, શ્રાવણ વદ-૧૩, સોમવાર, તા. ૧૪.૦૮.૨૦૨૩
૩. **સંવત્સરી મહાપર્વઃ** વિક્રમ સંવત ૨૦૭૯, શ્રાવણ સુદ-૫, સોમવાર, તા. ૨૧.૦૮.૨૦૨૩
૪. **ચૈત્ય પરિપાટી** વિક્રમ સંવત ૨૦૭૯, શ્રાવણ સુદ-૭, બુધવાર, તા. ૨૩.૦૮.૨૦૨૩
૫. **ચાતુર્માસ પુર્ણાહૂતિ** વિક્રમ સંવત ૨૦૮૦, કારતક સુદ-૧૫, સોમવાર, તા. ૨૭.૧૧.૨૦૨૩

આ ઉપરાંત અન્ય **અનુષ્ઠાનો** સહ **આસો માસની શાશ્વતી આયંબિલની ઓળી** જેવા પ્રસંગો પણ આપણે સહુ સાથે મળીને ઉજવીશું. આ ઉમંગભર્યા અવસરે આપ જેવા શ્રાવક/શ્રાવિકાઓ ચાતુર્માસ ઉજવવા પધારે તે માટે આ જાહેરાતની સાથે ફોર્મ આપેલ છે. તેને સંપૂર્ણ વિગત ભરી સાથે જરૂરી સુચનો વાંચી અને સમજી **શ્રી સુથરી જૈન સંઘની મુંબઇ કાર્યાલયે** મોકલવા વિનંતી. જેથી આપના માટે સુચારૂ વ્યવસ્થા થઇ શકે.

**નોંધઃ** ચાતુર્માસ દરમ્યાન સુથરીવાસીઓને પોતાના ઘર ખોલવા નમ્ર વિનંતી.

## લિ. શ્રી સુથરી જૈન સંઘ વતી

**સર્વે ટ્રસ્ટી ગણ, વ્યવસ્થાપક સમિતિના સર્વે સભ્યો અને ચાતુર્માસ સમિતિના સર્વે સભ્યો**

# શ્રી સુથરી જૈન સંઘ

## ચાતુર્માસ માટે પધારનાર આરાધકો માટે અરજપત્ર

ફોટો

નામ:______________________________________________

(નામ) (પિતા/પતિ) (અટક/ઓળખ)

કચ્છમાં ગામ:____________________ કાયમી વસવાટ:____________________

સરનામું:______________________________________________

______________________________________________

મોબાઇલ નં./વોટસએપ નં.:______________________________________________

ઉંમર:__________ વર્ષ જન્મ તારીખ:____________________ સ્ત્રી / પુરૂષ

તમારા નજદીકના સંપર્ક નં.:____________________ પરિવારજનોના સંપર્ક નં.:____________________

હાલમાં ચાલી રહેલી તપસ્યાઓ:______________________________________________

આરાધકની વિશેષ કે અન્ય કોઇપણ વર્તમાન બિમારી:______________________________

સુથરી મહાતીર્થે પધારવાની તારીખ: ____________________

ચાતુર્માસ દરમ્યાન રોકાણ **પર્યષણ મહાપર્વ / દોઢ માસ / સંપૂર્ણ ચાતુર્માસ** માટેની આપની ભાવના.

**વિશેષ સુચનાઓ:**

૧. આરાધકોએ તેમને રોકાણ દરમ્યાન દૈનિક વપરાશની વસ્તુઓ/દવાઓ સાથે રાખશો.
૨. સરકાર માન્ય ફોટો અને સરનામા સાથેના આઇ.ડી. પ્રુફ સાથે લાવવું અનિવાર્ય રહેશે.
૩. રૂમ માટે તાળા-ચાવી સાથે લાવવા.
૪. આરાધકોએ આરાધના દરમ્યાન તમારા પરિવર્તુળ, મિત્ર મંડળ સાથે રહેવું પડશે.
૫. આરાધકોને ચાતુર્માસ સમય દરમ્યાન બહારગામ જવાનું થાય તો તેમણે કાર્યાલયમાં અવશ્ય જાણ કરાવવાની રહેશે.
૬. આરાધકો માટે રહેઠાણ (ઉતારાની) વ્યવસ્થા શ્રી સંઘ દ્વારા જ નક્કી કરવામાં આવશે.
૭. પ્રવેશ વખતે તેમજ પર્યુષણ મહાપર્વ માટે પધારનાર શ્રાવકો/શ્રાવિકાઓ માટેની વ્યવસ્થા, વ્યવસ્થાપક સમિતિ દ્વારા ડ્રો પદ્ધતિ દ્વારા નક્કી થશે.
૮. પર્યુષણ મહાપર્વ દરમ્યાન પધારનાર શ્રાવક/શ્રાવિકાઓને વાતાનુકુલિત રૂમની જરૂરીયાત હશે તો તે શ્રી સંઘના ધારાધોરણ મુજબ ઉપલબ્ધ થશે તેમજ નિરધારિત થયેલ રકમ ભરવાની રહેશે.
૯. ભોજનશાળાના દરેક નિયમોનું પાલન અનિવાર્ય રહેશે. આરાધકોને પોતાના ઉતારાએ ભોજનની સુવિધા પ્રાપ્ત નહીં થાય, અપવાદમાં જો આરાધક બિમાર હશે તો તેની સગવડ જરૂરથી મળશે.
૧૦. ચાતુર્માસ દરમ્યાન કોઇપણ આકસ્મિક અડચણો હશે તો તેની વૈકલ્પિક વ્યવસ્થા સ્થાનિક કાર્યકર્તાઓ સુચારૂ રીતે કરી આપશે.
૧૧. ગુરૂવાર, તા.૦૧.૦૬.૨૦૨૩ સુધીમાં ફોર્મ ભરી મુંબઇ કાર્યાલયે મોકલવાના રહેશે.
૧૨. ઉતારાની વ્યવસ્થા કે નિયમોમાં ફેરફાર કરવાનો હક્ક શ્રી સુથરી ટ્રસ્ટ બોર્ડને રહેશે જે બધાને બંધનકર્તા રહેશે. સર્વે પ્રકારની વ્યવસ્થામાં આખરી નિર્ણય ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યોનો રહેશે.

**નોંધ:** આ ફોર્મ સાથે સરકાર માન્ય ફોટો અને સરનામા સાથેનું આઇ.ડી. પ્રુફની નકલ અવશ્ય જોડવી.
ઉપરોક્ત સૂચન નં. ૧ થી ૧૨ની પ્રત્યેક સૂચનાઓ મેં વાંચી છે અને તે મને માન્ય છે. આ ફોર્મની ઝેરોક્ષ કરાવી ફોર્મ ભરીને મુંબઇ કાર્યાલયે મોકલાવશોજી.

સ્થળ:______________ તારીખ:______________ આરાધકની સહી:____________________

# શ્રી પરજાઉવાસી અને નિયાણી બહેનોનું સ્નેહમિલન









શ્રી કચ્છ પરજાઉ મહાજન ટ્રસ્ટ ફંડ દ્વારા શ્રી પરજાઉવાસીઓ અને નિયાણી બહેનોનું સ્નેહમિલન ચૈત્ર સુદ ૧, સવંત ૨૦૭૯ તા.૨૨ માર્ચના મુલુંડ (પશ્ચિમ)માં ગોપુરમ (આઈરીસ) હોલ ખાતે યોજાયો. આ પ્રસંગે અંદાજે ૧૫૦ જણે હાજરી આપેલ. સૌ પ્રથમ શ્રી ગુલાબભાઈ ધનજીભાઈ દંડના પ્રમુખ સ્થાને શ્રી ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ. આ સભામાં શ્રી ટ્રસ્ટની કાર્યવાહીનો અહેવાલ આપવામાં આવેલ. સભામાં ટ્રસ્ટ દ્વારા પ્રસ્તાવિત ઠરાવોને સર્વાનુમતે મંજુરી આપવામાં આવેલ. સભાની શરૂઆતમાં અંદાજીત



૪૦ વર્ષ સુધી શ્રી ટ્રસ્ટમાં સ્થાનિકે મહેતાજી દિવંગત શ્રી રમેશભાઈ સોમચંદ દંડનું સ્મરણ કરી ભાવાંજલિ આપવામાં આવેલ અને તેમની દીર્ઘ સેવાને બિરદાવામાં આવેલ. આ પ્રસંગે વર્ષ ૨૦૭૯ માટે વાર્ષિક નકરા અને સાધારણ મિતિઓની જાહેરાત કરવામાં આવી જેમાં ગામવાસીઓ અને નિયાણી બહેનોએ ઉદારતાપૂર્વક ભાગ લીધેલ.

ત્યારબાદ સવંત ૨૦૭૯ના ધજા મહોત્સવના ચડાવાઓ લેવામાં આવેલ જેમાં નીચેના પરિવારોએ આદેશ લીધેલ.

● શ્રી મૂળનાયક ચંદ્રપ્રભ સ્વામીના શિખરની ધજાના લાભાર્થી પરિવાર માતુશ્રી હીરાવંતીબેન લહેરચંદ હીરજી મેપાણી પરિવાર હ. સુપુત્ર નયનભાઈ ● શ્રી અનંતનાથજી ભગવાનના શિખરની ધજાના લાભાર્થી પરિવાર અ.સૌ.રતનબેન દિલિપભાઈ નાગડા પરિવાર હ. પુત્રવધૂ તન્વીબેન જિગરભાઈ નાગડા ● શ્રી શાંતિનાથજી ભગવાનના શિખરની ધજાના લાભાર્થી પરિવાર માતુશ્રી મલ્યાબાઈ શરદચંદ દંડ પરિવાર હ. સુપુત્ર જયેશભાઈ ● શ્રી નૂતન દેવકુલિકાના મૂળનાયક શ્રી શીતલનાથ ભગવાનના શિખરની ધજાના લાભાર્થી પરિવાર માતુશ્રી રતનબાઈ આણંદજી દંડ પરિવાર હ. સુપુત્ર લહેરચંદ ● શ્રી નૂતન દેવકુલિકાના શીતલનાથ ભગવાનની ડાબી બાજુ શ્રી ચંદ્રપ્રભ સ્વામીના શિખરની ધજાના લાભાર્થી પરિવાર





# શ્રી પરજાઉવાસી અને નિયાણી બહેનોનું સ્નેહમિલન









માતુશ્રી ભચીબાઈ ધનજીભાઈ દંડ પરિવાર હ. સુપુત્ર ગુલાબભાઈ • શ્રી નૂતન દેવકુલિકાના શીતલનાથ ભગવાનની જમણી બાજુ શ્રી સુમતિનાથ ભગવાનના શિખરની ધજાના લાભાર્થી પરિવાર માતુશ્રી કસ્તુરીબેન પદમશી દંડ પરિવાર હ. સુપુત્ર કમલેશભાઈ



ત્યારબાદ નૂતન પ્રવેશ દ્વાર અને દિવાલના લાભાર્થી માતુશ્રી હીરાવંતીબેન લહેરચંદ હીરજી મેપાણી પરિવાર હ.સુપુત્ર નયનભાઈ, પુત્રવધૂ પૂર્ણિમાબેન, પૌત્રી નવ્યા અને સુપુત્રી છાયાબેન મનિષભાઈ ડાઘા (વરાડીયા), નૂતન કાર્યાલયના લાભાર્થી પિતાશ્રી મોતીચંદ શામજી શીવજી મેપાણી (પરજાઉ)ના સ્મરણાર્થે હ. સુપુત્રી નિયાણી શ્રી કોકિલાબેન શરદભાઈ નાગડા (બારોઈ), શ્રી કેશર-સુખડ ખંડ અને શ્રી મંગલગૃહના સંયુક્ત લાભાર્થી સ્વ.શ્રી ઠાકરશી મેઘજી સોની (વાંકુ-આદીપુર)ના સ્મરણાર્થે હ.નિયાણી કાન્તાબેન ઠાકરશી મેઘજી સોની, સુપુત્ર હેમન્ત, પુત્રવધૂ ભૂમિ, પૌત્રી સલોની અને પૌત્ર યશ. તેમજ માતુશ્રી કસ્તુરીબેન પદમશી ઠાકરશી દંડ પરિવારના સ્મરણાર્થે હ. સુપુત્રો કમલેશભાઈ, પરેશભાઈ અને રાજેશભાઈ. સહયોગી દાતાશ્રીઓ માતુશ્રી ભચીબાઈ ધનજીભાઈ દંડ પરિવાર  હ.સુપુત્ર ગુલાબભાઈ, માતુશ્રી સોનબાઈ દામજી વિકમશી પરિવાર  હ.સુપુત્ર હરેશભાઈ, માતુશ્રી મલ્યાબાઈ શરદચંદ્ર દંડ પરિવાર હ.સુપુત્ર જયેશભાઈ, માતુશ્રી રતનબાઈ આણંદજી દંડ પરિવાર હ.સુપુત્ર લહેરચંદભાઈની અનુમોદના કરવામાં આવેલ.

આ પ્રસંગે સમસ્ત મહાજનના ચેરમેન અને શ્રી આરીખાણા મહાજનના પ્રમુખશ્રી પ્રવિણભાઈ લોડાયા, શ્રી શાંતિજિન ગ્રુપના પ્રમુખશ્રી જયેશભાઈ જૈન અને સંનિષ્ઠ ઉપપ્રમુખશ્રી ગોવિંદજીભાઈ પટેલ, શ્રી વિધિપક્ષ અચલગચ્છ સંઘના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ચિમનભાઈ મોતા, શ્રી અનંતનાથજી ટ્રસ્ટ અને શ્રી વારાપધ્ધર મહાજનના ટ્રસ્ટી શ્રી ચેતનભાઈ મોતા, શ્રી રાપરગઢવાળી મહાજનના શ્રી કલ્પેશભાઈ મોતા અને શ્રી હિરાચંદભાઈ નાગડા પધાર્યા હતા. શ્રી પરજાઉના ભાનુશાલી સમાજ અને જાડેજા સમાજની હાજરી નોંધનીય રહી. ત્યારબાદ શ્રી ટ્રસ્ટ આયોજિત શ્રી સ્વામીવાત્સલ્યનો લાભ સર્વેએ લીધેલ.

આ પ્રસંગે શ્રી પરજાઉ સાંસ્કૃતિક સમિતિ દ્વારા ગહુલી હરિફાઈ, ગરબા રાસ અને હાઉઝીનું આયોજન કરવામાં આવેલ. વિજેતાઓને શ્રી સમિતિ દ્વારા ઈનામો આપવામાં આવેલ. આ ઈનામોનો લાભ માતુશ્રી કસ્તુરીબેન પદમશી ઠાકરશી દંડ (હ.કમલેશભાઈ) પરિવારે લીધેલ.

અંદાજે બપોરે ૩ વાગે શ્રી ચંદ્રપ્રભ સ્વામી અને શ્રી શીતલનાથ ભગવાનની જય બોલાવી કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવેલ. આ પ્રસંગે અમદાવાદથી શ્રી ગુલાબભાઈ ધનજીભાઈ દંડ તેમજ કચ્છ અંજારથી ટ્રસ્ટ શ્રી હરેશભાઈ દામજી વિકમશી ખાસ પધાર્યા હતા. માનદ્‌મંત્રી શ્રી નયનભાઈ મેપાણી સર્વેનો આભાર માન્યો હતો.

|| શ્રી સુવિધિનાથાય નમઃ ||    || શ્રી જીરાવલ્લા-મુનિસુવ્રત-સીમંધરસ્વામિને નમઃ ||

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોંબિવલી

સંઘપ્રેરક : અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

## ડોંબિવલીના પ્રથમ શિખરબધ્ધ શ્રી સુવિધિનાથ જિનાલયના
## રજત વર્ષના પ્રસંગોત્સવે, પંચાન્હિકા મહોત્સવે
## પધારવા આગોતરું આમંત્રણ...

દિવ્યકૃપા : શાસનસમ્રાટ્, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા
તપચક્ર ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા
જિનાલય પ્રેરણા-આજ્ઞા-આશિષ : સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.
શુભ કામના : સરળ સ્વભાવી પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ શ્રમણ-શ્રમણી ભગવંતો

**: પાવનકારી નિશ્રા :**

પ્રશમરસનિધિ, પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. ગણિવર્યશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા., પ.પૂ. ગણિવર્યશ્રી ઉદયરત્નસાગરજી મ.સા., પ.પૂ.ગણિવર્યશ્રી ધર્મરત્નસાગરજી મ.સા. આદિ શ્રમણ-શ્રમણી ભગવંતો.

## શુભ દિવસો : વૈશાખ વદ ૧૩ તા. ૧૭-૫-૨૦૨૩ થી જેઠ સુદ ૨, તા. ૨૧-૫-૨૦૨૩

**ભારતભરનો સહુથી વિશાળ અચલગચ્છીય સંઘ એટલે ડોંબિવલી...**

**ચાર-ચાર જિનાલયો, ચાર-ચાર ઉપાશ્રયો, ૧૫-૧૫ પાઠશાળાઓ, વિહારધામ, આયંબિલ શાળાઓથી શોભતો સંઘ...**

સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. ની પ્રેરણાને પામી ડોંબિવલીનું પ્રથમ શિખરબધ્ધ જિનાલય નિર્માણ પામ્યું પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં અંજનશલાકા, પ્રતિષ્ઠા, દીક્ષાના પાવન પ્રસંગો ઉજવાયા અને સં. ૨૦૫૪, જેઠ સુદ ૨, તા. ૨૭-૫-૧૯૯૮ ના દાદા ગાદીનશીન થયા. ડોંબિવલીવાસીઓનું વર્ષોનું સ્વપ્ન સાકાર થયું.

શ્રી સંઘના આંગણે આનંદનો અવસરીઓ આવી રહ્યો છે. દાદા ગાદીનશીન થયાના ૨૫ વર્ષની ઉજવણી કરવા મન-મયુર નાચી રહ્યું છે. અંજન-પ્રતિષ્ઠા-દીક્ષાની યાદગાર ક્ષણોને જીવંત કરવા પંચાન્હિકા મહોત્સવના ભવ્ય આયોજને પધારવા આગોતરું આમંત્રણ આપતા હર્ષની લાગણી અનુભવીએ છીએ.

સમસ્ત સંઘ-મહાજન, અમારા માનવંતા દાતાઓ, પૂર્વ ડોંબિવલીવાસીઓ તથા સકલશ્રી સંઘ તા. ૧૭-૫-૨૦૨૩ થી ૨૧-૫-૨૦૨૩ આપની ડાયરીમાં ડોંબિવલી માટે નોંધી રાખી સહપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ.

## મંગલમય મહોત્સવની આછેરી ઝલક

**વૈશાખ વદ ૧૩, બુધવાર**
**તા. ૧૭-૫-૨૦૨૩**
શુભ મુહૂર્તે કુંભ સ્થાપના, દિપક સ્થાપના, જવારારોપણ, પાટલા પૂજન. રાત્રે શ્રી ચક્રેશ્વરી દેવી, મહાકાલી દેવી ભાવના

**વૈશાખ વદ ૧૪, ગુરૂવાર**
**તા. ૧૮-૫-૨૦૨૩**
સવારેથી બૃહદ નંદાવર્ત મહાપૂજન
રાત્રે કુમારપાળ મહારાજા દ્વારા ભવ્ય મહાઆરતી

**વૈશાખ વદ ૩૦, શુક્રવાર**
**તા. ૧૯-૫-૨૦૨૩**
કાકંદી નગરીમાં શ્રી સુવિધિનાથદાદાના ચ્યવન/જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી
રાત્રે ભક્તિભાવના

**જેઠ સુદ ૧, શનિવાર**
**તા. ૨૦-૦૫-૨૦૨૩**
સવારે ભવ્યાતિભવ્ય રથયાત્રા
બપોરે અઢાર અભિષેક મહાપૂજન
રાત્રે ભક્તિ ભાવના

**જેઠ સુદ ૨,**
**રવિવાર, તા. ૨૧-૫-૨૦૨૩**
સવારે સત્તરભેદી પૂજા,
શુભ મુહૂર્તે રજત વર્ષ ધ્વજારોહણ
બપોરે બૃહદ શાંતિ સ્નાત્ર પૂજન,
ડોંબિવલીના સકલ જૈન સંઘોનું સ્વામીવાત્સલ્ય,
રાત્રે ભક્તિ ભાવના

**વિધિકાર : જિનશાસનરત્ન શ્રી નરેન્દ્રભાઈ નંદુ તથા ચ્યવન્ન, જય, મેઘ નંદુ**

વિશેષ માહિતી માટે સંપર્ક : 98205 65261 / 98204 31095 / 81698 31414

**લિ. : શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોંબિવલી - મંત્રીઓ**

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા શ્રી ધણી રામદેવ બાબા અને શ્રી ભલારા દાદાની વાર્ષિક સામૂહિક પહેડીનું આયોજન ધન્યતાથી થયું







શ્રી ધણીબાવાની સ્થાપના



શ્રી ભલારા દાદાની સ્થાપના

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા દર વર્ષ પ્રમાણે આ વર્ષે તા.૨૬ માર્ચ રવિવાર દિને શ્રી ધણી રામદેવ બાબા અને શ્રી ભલારાદાદાની સામૂહિક પહેડી અને ભક્તિનું આયોજન રંગેચંગે સંપન્ન થયું. સવારે ૧૦ કલાકે શ્રી ધણી બાબાની પહેડીનો લાભ સૌ.મંજુલાબેન કુલીનકાંત જીવાણી અને આરતી માતુશ્રી પ્રેમીલાબેન





નવગ્રહ, કુંભ સ્થાપના



# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા શ્રી ધણી રામદેવ બાબા અને શ્રી ભલારા દાદાની વાર્ષિક સામૂહિક પહેડીનું આયોજન ધન્યતાથી થયું



શ્રી ભલારા દાદા આરતીના લાભાર્થી માતુશ્રી જયાબેન રતિલાલ શાહ પરિવાર જખૌ રાયપુર



શ્રી ધણી બાવાના લાભાર્થી માતુશ્રી પ્રેમિલાબેન પદમશી દંડ પરિવાર મંજલ-ભિલાઈ

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા શ્રી ધણી રામદેવ બાબા અને શ્રી ભલારા દાદાની વાર્ષિક સામૂહિક પહેડીનું આયોજન ધન્યતાથી થયું



શ્રી ક.દ.ઓ.જૈન મહાજન ઈન્દોરના
દિલીપ હિરજી લાલકાનું બહુમાન



પદમશી દંડ પરિવાર ભિલાઈએ લીધેલ. જ્યારે શ્રી ભલારાદાદાની પહેડી ચડાવાનો લાભ માતુશ્રી મલ્યાબાઈ જવેરચંદ છેડા પરિવાર અને આરતી માતુશ્રી જયાબેન રતીલાલ કેશવજી શાહ પરિવારએ લાભ લીધેલ.

ત્યારબાદ શ્રી કુંથુનાથ મહિલા મંડળ દ્વારા ધાર્મિક હાઉઝીનું સુંદર આયોજન કરવામાં આવેલ.

શ્રી અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાલી માતાજીની માર્ચ મહિનાની ભક્તિ ભાવના સૌ. મંજુલા કુલીનકાંત જીવાણી અને ગીતાબેન કલ્યાણજી ખોના પરિવાર તરફથી રાખવામાં આવેલ.



ભક્તિગીતનો આનંદ લેતી બહેનો



ભક્તિગીતનો આનંદ લેતા ભાઈઓ



શ્રી ભલારા દાદા પહેડી ચડાવાના લાભાર્થી પરિવાર
માતુશ્રી મલ્યાબાઈ ઝવેરચંદ છેડા પરિવાર સુજાપુર-રાયપુર



શ્રી ધણી બાવા પહેડી ચડાવાના લાભાર્થી પરિવાર
સૌ.મંજુલાબેન કુલીનકાંત જીવાણી પરિવાર જખૌ-રાયપુર

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા શ્રી ધણી રામદેવ બાબા અને શ્રી ભલારા દાદાની વાર્ષિક સામૂહિક પહેડીનું આયોજન ધન્યતાથી થયું



રાસનો આનંદ લેતા ભાઈઓ



રાસનો આનંદ લેતી બહેનો





# Anumodana

## Sanjivani Case - 99

**Name:Matushri Nenbai Damji Shiyad    Age - 77    Daltungi - Dombivli**

| | |
|---|---|
| Shri Anantnahji Maharaj Jain Derasar & It's Sadharan Fund Trust, Mumbai | 15,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust | 30,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 10,000.00 |
| **Emerald Patrons** | |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri, Lala,Mulund,(Dubai), H: Tileshbhai & Nileshbhai | 15,000.00 |
| Matushri Kasturibai Visanji Dharamshi and Matushri Ratanbai Narshi Dharamshi,Suthari-Mulund H: HD Fire Protect Pvt. Ltd. | 10,000.00 |
| **Sanstha / Life Time Patrons** | |
| Shri KDO Jain Gnati Mahajan, Coimbatore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Mnadal Dombivli | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Shri KDO Masjidbunder Jain Sangh | 2,500.00 |
| Shri KDO jain Gnati Mahajn, Ahmedabad | 2,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Kolkatta | 2,000.00 |
| Shri KDO jain Gnati Mahajan, Gandhidham | 1,000.00 |
| Matushri Purbai Lakhamshi Lalka Charitable Trust, Kutch | 2,500.00 |
| **Gold Patrons** | |
| Sethshri Manekji Narshi Lodaya (Babuseth) & Matushri Hirbai Manekji Lodaya, Varadia ( H: Hiten Shah) | 2,000.00 |
| Sethshri Dhanraj Thakarshi Kurwa & Shrimati Dhanlaxmi Dhanraj Kurwa, Godhra (H: Hiten Shah) | 2,000.00 |
| Matushri Vejbai Vasanji Anandji Gala (Khajurwala), Manjal - Pune ( H: Hiten Shah ) | 2,000.00 |
| Sethshri Shantilal Jethabhai Khona & Matushri Jayabai S. Khona, Tera - Mulund ( H: Hiten Shah ) | 2,000.00 |
| Shrimati Chetna Lajesh Khona & Kalp L. Khona, Tera - Mulund ( H: Hiten Shah ) | 2,000.00 |
| Ek Sadgrhasth | 2,000.00 |
| Shrimati Anita Jivraj Lodaya (Haste Kiyan Mikhil Lodaya) Moti Khavdi, Thane | 2,000.00 |
| **Individual Donors** | |
| Well Wisher | 41,000.00 |
| Kumar Dhaval Mayur Lodaya H: Matushri Jayaben Motilal Lodaya Parivar , Motikhavdi - Ghatkopar | 10,000.00 |
| Shri Milan Hemraj Maheshwari, Jakhau - Pune | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Banglore | 10,000.00 |
| Shrimati Sheela Bharat Dagha, Mulund | 10,000.00 |
| Shri Manish Pravin Momaya, Coimbatore | 5,000.00 |
| Shri Deepesh S. Shah | 5,000.00 |
| Matushri Sonbai Raichand Lodaya, Daltungi - Dombivli | 5,000.00 |
| Shri Siddharth Lodaya | 3,000.00 |

| Individual Donors | |
|---|---|
| Well Wisher | 41,000.00 |
| Kumar Dhaval Mayur Lodaya H: Matushri Jayaben Motilal Lodaya Parivar , Motikhavdi - Ghatkopar | 10,000.00 |
| Shri Milan Hemraj Maheshwari, Jakhau - Pune | 10,000.00 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Banglore | 10,000.00 |
| Shrimati Sheela Bharat Dagha, Mulund | 10,000.00 |
| Shri Manish Pravin Momaya, Coimbatore | 5,000.00 |
| Shri Deepesh S. Shah | 5,000.00 |
| Matushri Sonbai Raichand Lodaya, Daltungi - Dombivli | 5,000.00 |
| Shri Siddharth Lodaya | 3,000.00 |
| Well Wisher | 2,500.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 2,500.00 |
| Shrimati Nita Bhavesh Shah , Patan , Juhu | 2,500.00 |
| Well Wisher | 2,000.00 |
| Shree Swayamsidh KDO Ladies Wing, Mumbai | 2,000.00 |
| Late Shri Manilal Mulji Lalka - Kolkatta | 2,000.00 |
| Shri Bhupendrabhai Mota | 1,500.00 |
| Shrimati Maneesha Kamlesh Shah ( Mota ), Aurangabad | 1,500.00 |
| Shri Rajendrakumar Umarshi Desai , Raichur | 1,100.00 |
| Shri Amit Devchand Jain | 1,001.00 |
| Shri Pankaj Laxmichand Dharamshi, Bangalore | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000.00 |
| Shri Zaverchand Tokarshi Lalka, Ghatkopar | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Lalit S. | 501.00 |
| Shri Shreejith N. | 501.00 |
| Well Wisher | 500.00 |
| Shri Prashant P. | 500.00 |
| Kumari Charmi S. | 500.00 |
| Shri Nitin Raichand Sayla, Suthri - Bhandup | 500.00 |
| Shri Kamlesh khushalchand Poladia. Pachora | 500.00 |
| Shri Jitesh Sharadchandra Momaya , Sayra - Adipur | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.Kdosm.org Email: Seva@Kdosm.org Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# તિરૂપુરમાં પ.પૂ.આચાર્ય વિમલસાગરસૂરિજીની નિશ્રામાં આયંબિલ ઓળીની ભવ્ય આરાધનાઓ થઈ





દક્ષિણ ભારતના તિરૂપુર નગર સંઘના શ્રી સુવિધિનાથ દેરાસરમાં પ.પૂ.આચાર્યશ્રી વિમલસાગરસૂરિની નિશ્રામાં આયંબિલ ઓળીની ભવ્ય આરાધનાઓ થઈ રહી છે. દરરોજ ૬૫ થી ૭૦ જણા આયંબિલ આરાધના કરી ધન્ય લાભ લઈ રહ્યાં છે.

# શ્રી કોઠારા મહિલા મંડળની રજત જયંતિની શરૂઆત






કોઠારા મહિલા મંડળના ૨૫ વર્ષની રજત જયંતીની શરૂઆતે રવિવાર, તા.૨૫ માર્ચના પાવન દિવસે અગાસી મહાતીર્થ સાથે પંચતીથીની જાત્રાનુ આયોજન કરાયું હતું. મુલુંડ વાસુપુજય દાદાના આશીર્વાદ લઈ લોઢાધામના સીમંધર દાદાના દર્શન કરી ત્યાં નવકશી વાપરી અગાસી તરફ અંતાક્ષરી રમતા મોજ મસ્તી સાથે પ્રસ્થાન કર્યું.અગાસી શંખેશ્વર પાર્શ્વનાથ ધામમાં રૂમ બુક કરેલા ત્યાં નાહી ધોઈ શંખેશ્વર પાર્શ્વનાથ દાદા દર્શન કરી અને મુનિસુવૃત દાદાની નિશ્રામાં ત્યાં પૂજા, દેવવંદન ચૈતયવંદન કરી આપણી અને જરૂરી એવી મોટી પૂજા એટલે કે પેટ પૂજા પતાવી રૂમમાં આરામ કરી દાતાનું બહુમાન અને હાઉઝી રમી, ચા અને ગોલાની લહેજત માણી મહાવીર ધામમાં દર્શન તથા ચોવિહાર પતાવી ભજનલાલ ડેરી પર લસ્સીની લિજજત માણી અને ત્યાંથી કામણ મુનિસુવૃત તથા પાર્શ્વનાથ દાદાના દર્શન કરી ફરી મુલુંડ તરફ પ્રસ્થાન કર્યું.



દાદાના આશીર્વાદ અને મહિલા મંડળની બહેનોની ધમાલ-મસ્તી એ જાત્રાને ખરેખર યાદગાર અને અસ્મરણીય બનાવી હતી.

# દ્વિતીય સુધર્મા પાટોત્સવ વર્ષ અવસરે શ્રી ગોરેગામ સંઘ દ્વારા અચલગચ્છાધિપતિશ્રીની શુભકામના સહ અભિવંદના કરાઈ



અચલગચ્છ અલંકાર, પુરૂષાર્થની પ્રેરણામૂર્તિ, અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના સુધર્મા પાટોત્સવ અચલગચ્છાધિપતિ પદ તિથિ ચૈત્ર સુદ ૧૧ શનિવાર તા.૧લી એપ્રિલ ૨૦૨૩ના દ્વિતીય વર્ષગાંઠ અવસરે શ્રી ગોરેગામ સંઘ દ્વારા શ્રાવક શ્રાવિકાઓના સંગાથે ભાવપૂર્વક શુભકામના સહ અભિવંદના કરાઈ હતી. કાર્યક્રમના લાભાર્થી માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર કચ્છ રાપર ગઢવારી હતા.

---


## ઉદાર હાથે સહાય કરો
## અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD | KDO Swaroj | KDO BUSINESS

KDO SANJIVANI | 80G સર્ટિફીકેટ C.S.R. CORPORATE SOCIAL RESPONSIBILITY | KDO દિવ્યાંગ

સ્વાભિમાન | AAWAAS | KDO UDAAN

**For NEFT Transfer**

Type of Account : Saving
ccount Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West) Mumbal - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

।। શ્રી મહાવીરાય નમઃ ।।

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન જખૌ
## શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

સ્થાનિક કાર્યાલય : શ્રી રત્નટુંક જૈન દેરાસર, પોસ્ટ જખૌ, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૧.

1. As Jakhau Mahajan & Ratntunk Jain Derasar
2. **SHATKOTTAR AMRUT MAHOSTHAV 175 YEARS**
3. Logo / Icon / Emblem Representing the 175 years Shatkottar Amrut Mahosthav to be design it .
4. This logo shall be an INDEPENDENT ENTITY & IDENTITY and must not be COMBIND with the existing logo
5. Please Keep in mind While design that this icon shall be used for this year
6. Point & Marks shall be based on visual balance, Bret adherence and intropation, adapt ablillity & Reproduction on Various Mediums ( Digital & Print) and Background 3 dimensional for making and Real Value

## Guide lines Rules

1. Contest is open to all KDOS (all CATEGORIES can Participate)
2. Single entry per member only
3. Entry to be submitted DIGITALLY in high Resolution PDF Format Only. On Selection it will be required as an open file, with fonts in AI or Corel Only, (Other vectors NOT be allowed. especially dwg.)
4. In Case of collaboration, due credit needs to be given OR the rights of the same should de transferred to the Participating member, under whose name the entry is submitted.
5. All submitted logos are the property of **Jakhau Mahajan & Ratntunk Jain Derasar** and these may be utilized in the future any time as an exhibit or in publication, without credits
6. All Participants will receive a certificate of Participation
7. The Winning entry shall receive a certificate as well as a Good Prize
8. The Winner & Runners up may need to be physically presents.
9. There is NO PARTICIPATION FEE for this contest
10. Last date for submission before 15th April 2023.

Post : **Raychand Jiwani - 87798 75109** • Contact : **Jayantibhai Meisheri - 98197 48250**
**Emkay Consultancy Services**, 202, Shreeji villa, Lohar ali, Opp Karnavat Classes & Sun Enterprise, Station Road, Thane-West, Pincode - 400 601 • E-mail : emkay544@gmail.com

# વરાડીયામાં ડાઘા પરિવારોની કુળદેવી શ્રી મોમઈ માતાજી તથા શ્રી ભલારા દાદા મંદિરનો ધ્વજારોહણ મહોત્સવ ઉત્સાહભેર સંપન્ન થયો









શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળ, વરાડીયા સંચાલિત વરાડીયામાં બિરાજમાન ડાઘા પરિવારોની કુળદેવી શ્રી મોમઇ માતાજીના મંદિર તથા શ્રી ભલારા દાદા મંદિરનો આ વર્ષે ધ્વજારોહણ મહોત્સવ શ્રી મોમઇ માઁના ભુવા શ્રી આણંદજી ભાણજી ડાઘા તથા ભલારા દાદાના ભુવા શ્રી શામજી મણશી દંડની ઉપસ્થિતિમાં વરાડીયા સ્થાનકે રૂડી રીતે ઉજવાયો.

ચૈત્ર સુદ ચોથ, તા. ૨૫ માર્ચના સાંજે શ્રી દાદા ભલારાના પાઠનો લાભ તથા પાંચમ તિથિ તા.૨૬ માર્ચ રવિવારના શ્રી મોમઇ માતાજી તથા શ્રી ભલારા દાદા મંદિરના ધ્વજારોહણ સહિત સમૂહ પહેડીના મુખ્ય લાભાર્થીનો લાભ શ્રી કિરીટ હંસરાજ પરબત ડાઘા (વરાડીયા-મુલુંડ) પરિવારે લીધો હતો. આ ઉત્સવ મહોત્સવમાં વરાડીયામાં બિરાજમાન ડાઘા પરિવારના કુળદેવી શ્રી મોમઇ માતાજીને નમતા સ્થાનિક તેમજ બહારગામથી પધારેલા ભાવિકોએ ઉત્સાહથી ભાગ લીધો હતો અને ધન્ય લાભ પામ્યા હતા.

---

## શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ ખામગામના અધ્યક્ષપદે હિરેનભાઈ લોડાયાની વરણી



મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રાંતના ખામગામ નગરના શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના અધ્યક્ષપદે શ્રી હિરેનભાઈ પ્રતાપ વેલજી લોડાયા-સાંયરાની વરણી થઈ છે. આ નિયુક્તિ બદલ હાર્દિક અભિનંદન.

## શ્રી કોઠારા જૈન મહિલા મંડળના પ્રમુખપદે શ્રીમતી પૂજા લોડાયા-અજાણીની વરણી કરાઈ



શ્રી કોઠારા જૈન મહિલા મંડળની ટર્મ ૨૦૨૩થી ૨૦૨૫ના વર્ષ દરમ્યાન માટે પ્રમુખ તરીકે શ્રીમતી પૂજા જયંત લોડાયા અજાણીની વરણી કરાઈ છે. જે માટે તેમને અભિનંદન સાથે શુભેચ્છા.

---

# સંગાથના રજીસ્ટર્ડ સભ્યો જોગ સૂચના

સંગાથના બધા રજીસ્ટર્ડ થયેલા સભ્યોને વિનંતી છે કે તેમના નામ પ્રોફાઈલ પ્રસ્તાવિત ઈ બુક સંગાથ જીવન મિત્રમાં સમાવેશ કરી શકાય એ માટે ગુગલ ફોર્મ ભરવું આવશ્યક છે. નવા ઉમેદવાર સભ્યો પણ આ ફોર્મ ભરી પોતાના પ્રોફાઈલ ઈ બુકમાં એડ કરાવી શકે છે. ગુગલ ફોર્મ લિન્ક તા.૨ એપ્રિલ સુધી ખુલ્લી રહેશે. સંગાથ ટીમ ઈબુક બનાવવાનું પ્લાનીંગ કરેલ છે જે આપની જાણ માટે.

## ડુમરા નગરે પ.પૂ.મુનિશ્રી કંચનસાગરજી મ.સા.ની પધરામણી થતાં સંઘ દ્વારા ભવ્ય સામૈયું કરાયું





ડુમરા નગરે શાશ્વતી આયંબિલી ઓળીમાં નિશ્રા પ્રદાન કરવા પ.પૂ.મુનિશ્રી કંચનસાગરજી મ.સા. પધારતા સંઘના શ્રાવક શ્રાવિકાઓએ વાજતે ગાજતે ભવ્ય રીતે સામૈયું કર્યું હતું. આ અવસરે સંઘમાં હર્ષની હેલી ઊમટી હતી.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**કાંતાબાઈ લોડાયા**
તા.૨૬ માર્ચ (ઉ.૯૦)
કોઠારા-ડોંબિવલી



**સ્નેહા લોડાયા**
તા.૨૭ માર્ચ (ઉ.૪૦)
નલિયા-અમદાવાદ



**લક્ષ્મીબેન માલદે**
તા.૨૮ માર્ચ (ઉ.૭૫)
દલતુંગી-ડોંબિવલી



**રાજેન્દ્ર નાગડા**
તા.૨૮ માર્ચ (ઉ.૬૫)
સાંધાણ-ગદગ



**પુષ્પાબેન કુરૂવા**
તા.૨૮ માર્ચ (ઉ.૬૬)
ગોધરા-મલાડ (પ)



**નવલબાઈ લાલકા**
તા.૧ એપ્રિલ (ઉ.૮૦)
નલિયા-ડોંબિવલી



**શૈલેષભાઈ નાગડા**
તા.૧ એપ્રિલ (ઉ.૫૮)
નલિયા-અમદાવાદ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

# શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

**જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં ક્લીક કરીને આ ફોર્મ ભરે**

**નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ ક્લીક કરીને આ ફોર્મ ભરે**




● ગુજરાતના સાંસદો સાથે પશ્ચિમ રેલવે જનરલ મેનેજર અશોકકુમાર મિશ્રા સાથે અમદાવાદ ખાતે યોજાયેલ બેઠકમાં કચ્છના સંસદ સભ્ય વિનોદ ચાવડાએ કચ્છના રેલવે સંબંધી પ્રશ્નો નવી ટ્રેનો માટે માગણી, સૌરાષ્ટ્ર સાથે રેલવે જોડાણ નવા સ્ટોપેજ સહિત મુદ્દા ઉપર વિસ્તૃત ચર્ચા કરી પ્રશ્નોના નિરાકરણ માટે અનુરોધ કર્યો હતો. કચ્છના છ તાલુકામાં રેલવે સુવિધાઓ નથી જેમાં માંડવી, મુંદ્રા, નખત્રાણા, અબડાસા, લખપત અને રાપર વિસ્તારમાં ટ્રેન સેવાઓ માટે સર્વે થયા છે. જેમાં જલ્દીથી ટ્રેન સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે રેલવે વિભાગને જણાવવા માટે રજૂઆતમાં ભુજ દિલ્હી સુપરફાસ્ટ ટ્રેન, ભુજ મુંબઈ જોડતી રાજધાની જેવી ટ્રેન, દક્ષિણ ભારતને જોડતી ટ્રેન સેવાઓ શરૂ કરવા, સોલ્ટ ટિમ્બર સિમેન્ટ, ફર્ટિલાઈઝર, પેટ્રોલિયમ પ્રોડક્ટ અને ખાણ ખનિજ રેલવે પરિવહન સેવાઓ વિસ્તૃત કરવા, કચ્છથી હરિદ્વાર ટ્રેન, ભુજ ગાંધીધામ વડોદરા ઈન્ટરસિટી ટ્રેન શરૂ કરવા જેવા પ્રશ્નો ચર્ચાયા હતા.

● કોરોનાને કારણે મસ્કત અમદાવાદની ડાયરેક્ટ હવાઈ યાત્રાને અલ્પ વિરામ ચિહ્ન લાગ્યા પછી સપ્તાહમાં ઓછામાં ઓછી બે વાર અમદાવાદ મસ્તકને સીધી કનેક્ટિવીટી નસીબ કરાવવા મસ્કત ગુજરાતી સમાજના મહામંત્રી મૂળ કચ્છ માંડવીના ડૉ.ચંદ્રકાન્ત વલ્લભદાસ ચોથાણીએ ગુજરાતના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપરાંત રાજ્યના નાગરિક ઉડ્ડયન મંત્રી બળવંત સિંહ રાજપૂતને ગાંધીનગર ખાતે રજૂઆત કરી હતી. ઓમાન સાથે કચ્છનો બે-ત્રણ સૈકાનો નાતો રહ્યો છે. કચ્છને મસ્કત સાથે સીધું જોડાણ મળે એ માટે પણ માંગ કરાઈ હતી.

● ભુજ માંડવી હાઈવે પર આવેલા અક્ષય પાત્ર ફાઉન્ડેશનને વાઘ બકરી ફાઉન્ડેશન દ્વારા નવું ડિલિવરી વાહન અર્પણ કરાયું. અક્ષય પાત્ર દ્વારા ભુજની આજુબાજુની ૧૪ સરકારી શાળાના ૨૩૩૮૯ બાળકોને ગરમ અને પોષક મધ્યાન ભોજન સમયસર પહોંચતું કરવા ડિલેવરી વાહન ઉપલબ્ધ છે. તેમાં વધુ એક વાહનો વધારો થવાથી વધુ ઝડપથી સેવાકીય પ્રવૃત્તિ કરી શકાશે. એવો મંતવ્ય વાઘ બકરી ટી ગ્રુપના ડીજીએમ અજય સિસિનિયાએ જણાવ્યું હતું. વિદ્યાર્થીઓને પોષણ યુક્ત ગરમ ભોજન મળવાથી ઘણી શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરીની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. વાઘ બકરી ફાઉન્ડેશન દ્વારા આંખની સર્જરી, શિક્ષણ, આરોગ્ય, મહિલા સશક્તિકરણ જેવી સામાજિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

● હાલના સમયમાં ઘરેલું હિંસાનો ભોગ બનતી મહિલાઓને જાગૃત કરવા જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા કચ્છ મહિલા વિકાસ સંગઠનના સહયોગ તથા જિલ્લા દહેજ પ્રતિબંધક અધિકારી ડૉ.પ્રજ્ઞાબેન ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને જાગૃતિ શિબિર યોજાઈ. આ જાગૃતિ શિબિરમાં જેન્ડર બજેટ, સ્ત્રી પુરુષ સમાનતા અંગે ચર્ચા કરવામાં આવી હતી. એડવોકેટ માલશ્રીબેન ગઢવીએ પ્રેઝન્ટેશનના માધ્યમ માહિતી રજૂ કરી હતી. જેમાં જીનલબેન શાહ, નીતાબેન સમેજાએ સહયોગ આપ્યો હતો. શિબિર દરમ્યાન સહિયરજો સંગઠન, સખી સંગિની કચ્છ મહિલા વિકાસ સંગઠનના તમામ તાલુકાના કાર્યકરોએ ઘરેલુ હિંસા અંગે પ્રશ્નોતરી કરી હતી.

● ભારત સરકારની મંજૂરીથી અમેરિકાની યેલ યુનિવર્સિટી દ્વારા સંશોધનાર્થે ચેરિયાબેટ આવેલા તજજ્ઞ ડૉ. અદ્વેત જુહારે કહ્યું હતું કે અત્રે ડાયનાસોરના અવશેષો પ્રાપ્ત થયાં છે. ભૂતકાળની ઈકોસિસ્ટમ, આબોહવા અને માનવ શાસ્ત્રીય પરિવર્તન મોટા સસ્તન પ્રાણીઓ જેવા કે ડાયનાસોર વગેરે ઉપર સંશોધન હાથ ધર્યું તે બાદ અવશેષો મળ્યા છે. મોટા પાર્થિવ દેહ ધરાવતા કરોડ અસ્થિધારી પ્રાણીઓની લુપ્તતા કેમ થઈ તેનો અભ્યાસ, પેનિયોન્ટોલોજીકલ, પુરાતત્વવીય અને ઈકોલોજીકલ સંશોધનનું કેન્દ્રબિંદુ ભારત છે. તેમાં કચ્છ આ માટે વિશેષ સાઈટ બની શકે છે.

● વડોદરામાં આયોજિત આંતરરાષ્ટ્રીય મેરેથોનની ૧૦મી સિઝનમાં મૂળ તેરા હાલે વડોદરા રહેતી બાર વર્ષીય દિયા નરેશભાઈ ગોર જે મૂકબધિર અને જન્મજાત દિવ્યાંગ છે તેણે વ્હીલચેર કેટેગરીમાં પ્રથમ નંબરે આવીને ગોલ્ડ મેડલ મેળવ્યો. ફૂલ, હાફ, ૧૦ કિ.મી, ૫ કિ.મી. દિવ્યાંગ રન જવાન રન અને પ્લેજ રન કેટગરીમાં મેરેથોન યોજાઈ હતી. ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ખડેપગે રહી ૧૫૦૦થી વધુ દિવ્યાંગ રનરની કાળજી દેખરેખ રાખી હતી.

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)